Vol. 8, Issue: 7, July: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં એઈડ્સ અંગેની સભાનતાનો અભ્યાસ

ડૉ. મિતેશ જે. દોશી

## 1.પ્રસ્તાવના :

કોઈપણ સમાજનો આધાર તેની સ્વાસ્થ્ય માનવ શક્તિ પર રહેલો છે. સમગ્ર સજીવ સૃષ્ટિમાં માનવીનું શરીર અનેક વિશેષતાઓ ધરાવે છે. મનુષ્ય તેના મગજ અને હાથ –પગનો ઉપયોગ કરીને પોતાની આગવી દુનિયા ઊભી કરી શકે છે. માનવીની મુખ્ય જરૂરિયાતો હવા પાણી અને ખોરાક છે. તે ઉપરાંત નોકરી-ધંધો રહેઠાણ જાતીય સંતોષ સંસર્ગની પણ મનુષ્યને જરૂર પડે છે. મોટાભાગના રોગો હવા, પાણી, ખોરાક, પર્યાવરણ, જીવજંતુઓ, સંપર્ક કે સંસર્ગ દ્વારા ફેલાતા હોય છે. તેથી ચિકિત્સકો અને ઔષધશાસ્ત્રીઓએ રોગોને મુખ્ય બે ભાગમાં વહેચ્યા છે.

(૧) ચેપી રોગો

(૨) બિનચેપી રોગો

આ દરેક રોગોમાં ઘણા જાતીય રોગો ચેપી પ્રકારનાં છે. જે રોગ સંસર્ગ દ્વારા થાય છે. જયારે અંગ્રેજો આપણા ભારત દેશમાં આવ્યા ત્યારે અનેક પ્રકારના રોગો સાથે લઈ આવ્યા હતા. તેમની મહિનાઓ સુધીની સમુદ્રી સફરમાં આવ-જા ને કારણે જાતીય સુખની તૃપ્તિ પૂર્ણ કરવાની સાથે સાથે જાતીય રોગોનો ફેલાવો થતો રહ્યો.

વર્તમાન સમયમાં મનુષ્યનાં જીવનમાં જાતીય રોગોનો ફેલાવો મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાતીય રોગો એવા છે કે જે અનૈતિક જાતીય સંપર્કથી ફેલાય છે. પરંતુ કમનસીબે આવા રોગ વિશે માનવી જાહેરમાં ચર્ચા કે ચિંતન કરતા નથી. જેના કારણે આવા રોગો દુનિયાભરમાં કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. રોગ વધવાના મૂળ કારણોમાં ઔદ્યોગીકરણ અને શહેરીકરણ જવાબદાર છે. જાતીય રોગ એ ચેપી રોગ છે, જેને "સેક્સ્યુઅલ ટ્રાન્સમીટેડ ડીસીસ" જેવા કે ગોનોરિયા, સીફીલીસ, હર્પીસ, ક્લેમીડીયા, એચ.આઈ.વી./એઈડ્સ વગેરે નામો છે. વ્યવસાય અને રોજગારની શોધમાં માનવી ગ્રામીણ જીવનથી દૂર શહેરો તરફ પ્રયાણ કરે છે. અને જાણે-અજાણે આ પ્રકારના રોગોનો ભોગ બને છે. જે રોગના ઈલાજ માટે કોઈ દવા કે રસી ઉપલબ્ધ નથી. પરંતુ તેને અટકાવવા માટે વૈજ્ઞાનિક જાણકારી એ જ ઉપાય છે. આથી વર્તમાન સમયમાં ફેલાતા જતા એઈડ્સ વિશે સભાન બને તે હેતુથી વિષય હાથ ધર્યો છે.

## 2. સમસ્યા શીર્ષક

ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં એઈડ્સ અંગેની સભાનતાનો અભ્યાસ.

A study of AIDS Awareness of Higher Secondary School Students

## 3. સંશોધનના હેતુઓ

કોઈપણ કાર્ય પાછળ ચોક્કસ હેતુ રહેલો હોય છે. કાર્ય અંગેના હેતુઓ સ્પષ્ટ હોય તો સંશોધક માટે તે પથદર્શક બને છે.

•એઇડ્સની સભાનતા અંગેની પ્રશ્નાવલિની રચના કરવી.

•વિદ્યાર્થીઓમાં એઇડ્સ અંગેની જાણકારી, સમજ અને સભાનતા જાણવી.

•વિદ્યાર્થીઓમાં એઇડ્સ અંગેની જાણકારી અને સમજ તથા જાતીય રોગોની જાણકારી અંગેની સભાનતા પર વિસ્તાર અને જાતીયતાની અસર તપાસવી.

## 4. સંશોધનમાં સમાવિષ્ટ ચલ

1. સ્વતંત્ર ચલ :(A) કુમાર અને (B) કન્યા
2. પરતંત્ર ચલ :એઇડ્સ અંગેની સભાનતા / જાણકારી
3. અંકુશિત ચલ :(A) માધ્યમ (B) ધોરણ (C) વિસ્તાર

## 5. સંશોધનની ઉત્કલ્પનાઓ

$Ho_1$:કુમારો અને કન્યાઓમાં એઇડ્સ અંગેની જાણકારીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$:શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં એઇડ્સ અંગેની જાણકારીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$:શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં એઇડ્સ અંગેની જાણકારીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$:ગ્રામ્ય વિસ્તારના કુમારો અને ગ્રામ્ય વિસ્તારની કન્યાઓમાં એઇડ્સ અંગેની જાણકારીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$:કુમારો અને કન્યાઓમાં એઇડ્સ અંગેની સમજના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_6$:શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં એઇડ્સ અંગેની સમજના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_7$:શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં એઇડ્સ અંગેના સમજના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_8$:ગ્રામ્ય વિસ્તારના કુમારો અને ગ્રામ્ય વિસ્તારની કન્યાઓમાં એઇડ્સ અંગેના સમજના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## 6. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસનું ક્ષેત્ર માનવરોગોમાં સમાવિષ્ટ એઇડ્સ રોગ વિશે માહિતી મેળવવી તેમજ સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવું છે.

## 7. સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન પ્રકારનું હતું.

## 8. સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## 9. અભ્યાસનું મહત્વ

- વિદ્યાર્થીઓમાં એઈડ્સ અંગેની જાગૃતતા કેળવાય.
- વિદ્યાર્થીઓમાં એઈડ્સનાં રોગના લક્ષણોથી માહિતગાર થાય.
- વિદ્યાર્થીઓ એઈડ્સ અંગેના રોગને અટકાવવા માટે લેવામાં આવતા પગલાથી માહિતગાર થાય.
- વિદ્યાર્થીઓને શાળા, સંસ્થા, સરકાર, અને સમાજે એઈડ્સ અટકાવવા અંગે શું પગલા લઈ શકાય તેની માહિતી પ્રાપ્ત થાય.

ઉપરોક્ત જાણકારી મેળવવી અને વિદ્યાર્થીઓને માહિતી આપવી તેવા આશયથી આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## 10. અભ્યાસનું સીમાંકન

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસનું ક્ષેત્ર માનવરોગોમાં સમાવિષ્ટ એઈડ્સ રોગ વિશે માહિતી મેળવવી તેમજ સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવાનું છે.

## 11. અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસક્રમ મહીસાગર તાલુકાના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ –૧૫ ના ધોરણ ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત રહે છે અને તેમાં ફક્ત એઈડ્સની સભાનતા માટેનો જ અભ્યાસ કરવામાં આવે છે.

## 12. અભ્યાસનું વ્યાપવિશ્વ

મહીસાગર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

## 13. અભ્યાસનો નિદર્શ

મહીસાગર તાલુકાની 4 ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી બે શહેરી વિસ્તાર અને બે ગ્રામ્ય વિસ્તારના ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

## 14. અભ્યાસનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓની વય અને કક્ષાને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિની રચના કરેલ છે.

## 15. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત તાલુકાની કુલ ૪ શાળા (બે ગ્રામ્ય અને બે શહેરી) વિસ્તારની

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જઈને નમૂનામાં પસંદ કરેલ ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ આપીને તેમના પ્રત્યુત્તર મેળવવામાં આવેલ છે.

## 16. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને એઇડ્સ અંગેની સભાનતાની પ્રશ્નાવલિ આપી. જેમાં નમૂના પસંદગી સ્તરીકૃત યાદૃચ્છિક રીતે કરી અને વિદ્યાર્થીઓએ પ્રશ્નાવલિ આપેલ ઉત્તરો દ્વારા તેમના પ્રાપ્તાંકોનું વર્ગીકરણ કરી " t – test " ની અંકશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી. અને તેના પરથી અર્થઘટન કરવામાં આવેલ છે.

## 17. અભ્યાસનાં તારણો

અભ્યાસના અંતે પૃથક્કરણ અને અર્થઘટન કરતાં નીચેના તારણો પ્રાપ્ત થાય છે.

- કુલ વિદ્યાર્થીઓમાંથી કન્યાઓ કરતાં કુમારો એઇડ્સ અંગેની જાણકારી વધુ ધરાવે છે.
- શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં એઇડ્સ અંગેની જાણકારીમાં સરખી સમજ ધરાવે છે.
- ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ કરતાં કુમારો એઇડ્સ અંગેની જાણકારી વધુ ધરાવે છે.
- શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓ એઇડ્સ અંગેની જાણકારીમાં સરખી સમજ ધરાવે છે.
- કુલ વિદ્યાર્થીઓમાંથી કુમારો કરતાં કન્યાઓ એઇડ્સ અંગેની સમજ વધુ ધરાવે છે.
- શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં એઇડ્સ અંગેની સમજ વધુ ધરાવે છે.
- શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓના એઇડ્સ અંગેની સરખી સમજ ધરાવે છે.
- ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ કરતાં ગ્રામ્ય વિસ્તારના કુમારો એઇડ્સ અંગેની સમજ વધુ ધરાવે છે.

## 18.ભાવિ સંશોધનો અંગેની ભલામણો :

- આ અભ્યાસ ગુજરાતના અંતરિયાળ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ પર અજમાયશ કરી શકાય.
- બી. એડ., પી.ટી.સી., સી.પી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓ પર અભ્યાસ કરી શકાય.
- કોઈ એક શહેરની કોલેજોના વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય.
- બે શાળાઓ લઈ કોઈ એક શાળામાં એઇડ્સ વિશે ચીલા ચાલુ પદ્ધતિને બીજી શાળામાં નાટ્યીકરણ, મલ્ટીમીડિયા વગેરે પ્રાયોગિક પદ્ધતિ રીતે અભ્યાસ હાથ ધરી શકાય.
- કોઈ એક જીલ્લાની ગ્રામ્ય વિસ્તારની શાળા અને શહેરી વિસ્તારની શાળાઓની તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- યુવાનોને જાતીય શિક્ષણ આપવા શિક્ષકોના વલણોનો અભ્યાસ હાથ ધરી શકાય.
- કોઈ એક જીલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય.

## સંદર્ભસૂચિ

૧. ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ (૨૦૦૬), HIV/AIDS વિશે માહિતી પુસ્તિકા.

૨. ઉચાટ,. ડી. એશિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ; સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., ૨૦૦૯.

૩. દેસાઈ, હરિભાઈ જી. અને દેસાઈ કુ. ગો. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ ( ૬ ઠ્ઠી આ.), અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજ્ય.

૪. દેસાઈ, કે. જી. (૧૯૮૫), સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ ( ૩ જી આ.),અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજ્ય.

૫.જોષી , એચ. આર. (૧૯૯૧), કસોટી સંરચના, રાજકોટ.

૬.Agrawal, J. C., Educational Research and Introduction. New Delhi : (Book Depo. 1996)

૭. Horn, A. S. Oxford Advanced Learner's Dictionary of Current English. (Bombay : Oxford University Press)

૮. Siddu, Kalbirsingh (1984), Methodology of Research Education. Sterling Publishers Pvt. Ltd., New Delhi.

૯. Shakhia, R. P., Malhotra P. V. and Malhotra R. N. Elements of Education Research. Allied Publishers (Second Edition) New Delhi.

૧૦. Terry, Page & J. B. Thomas, International Dictionary of Education. (Reprintprinted London / NicholasNicholas Publishing Company,New York. 1978).

૧૧. Van, Delen D. B. (1979), Understanding Educational Research, An Introduction. (Fourth Edition), New York:MC MC Graw Hill Book Company.